# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*********************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રિયાના ચાન્સેલરને ઇન્ટરનેશનલ એલાયન્સ અને બાયો ફ્યુઅલ એલાયન્સ જેવી ભારતની પહેલમાં જોડાવા આમંત્રણ આપ્યું
- ડેંગ્યુનો રોગચાળો અટકાવવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય ચોવીસ કલાકની હેલ્પલાઇન શરૂ કરશેઃ રાજ્યોને પણ હેલ્પલાઇન શરૂ કરવા નિર્દેશ
- અદાણી પોર્ટને ફાળવેલી જમીન પાછી મેળવવા ગુજરાત સરકારને આદેશ આપતા ગુજરાત વડી અદાલતના ચૂકાદા પર સર્વોચ્ચ અદાલતનો મનાઈ હૂકમ
- સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, ક્રિમીનલ પ્રોસીજર કોડ હેઠળ મુસ્લીમ મહિલાને તેના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે.
- ઝીમ્બાબ્વે સામેની ત્રીજી ટી-20 મેચમાં ભારતનો 23 રનથી વિજય

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM AUSTRIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિયેનામાં ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહમમ્મર સાથેની બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી

હતી. બંને નેતાઓએ વેપાર અને રોકાણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, હરિત ઊર્જા, એઆઇ, સ્ટાર્ટ-અપ્સ, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન, સાંસ્કૃતિક સહકાર જેવા મુદ્દાઓ પર મંત્રણા કરી હતી.

તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. શ્રી મોદીએ બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધો અંગે જણાવ્યું કે,,,,

(Byte-મોદી)

બેઠક બાદ પ્રસિધ્ધ કરવામાં આવેલી અખબારી યાદીમાં શ્રી મોદીએ જણાવ્યું કે, તેમણે જળવાયુ પરિવર્તન અને ત્રાસવાદ સહિતનાં પડકારો પર ચર્ચા કરી હતી.

શ્રી મોદીએ ઇન્ટરનેશનલ એલાયન્સ અને બાયો ફ્યુઅલ એલાયન્સ જેવી ભારતની પહેલમાં જોડાવા ઓસ્ટ્રિયાને આમંત્રણ આપ્યું હતું. તેમણે યુક્રેન અને પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિતનાં વર્તમાન વૈશ્વિક સંઘર્ષો પર પણ વિગતવાર ચર્ચા કરી હતી.

દરમિયાન, પ્રધાનમંત્રી મોદી અને ચાન્સેલર કાર્લે વિયેનામાં રાઉન્ડ ટેબલ બિઝનેસ બેઠકમાં ભારત અને ઓસ્ટ્રિયાના પ્રસિધ્ધ સીઇઓને સંયુક્ત સંબોધન કર્યું હતું. ભારતીય પ્રધાનમંત્રી દ્વારા છેલ્લાં 41 વર્ષથી ઓસ્ટ્રિયાની આ પ્રથમ મુલાકાત છે.

## ASHWINI VAISHNAW

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર ભ્રામક માહિતી ફેલાવવાનો અને લોકો પાયલટ્સને નિરાશ કરવાનો આરોપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર ભારતીય રેલવેનાં લોકો પાયલટ સાથે મુલાકાત કરી હતી અને એવો આરોપ લગાવ્યો હતો કે તેમની સ્થિતી ખરાબ છે અને તેમને 16 કલાકનું કામ લેવાની ફરજ પાડવામાં આવે છે. શ્રી ગાંધીનું નામ લીધા વિના શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, લોકો

પાયલટની ફરજ પર સાવધાનીપૂર્વક દેખરેખ રાખવામાં આવે છે અને યાત્રાઓ બાદ તેમને આરામ આપવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, લોકો પાયલટની સરેરાશ ફરજ નિર્ધારિત કલાકોની અંદર જ હોય છે. જૂન મહિનામાં તેમની ફરજ આઠ કલાકથી પણ ઓછી હતી.

## DENGUE SITTING

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ આજે દેશમાં ડેંગ્યુને ફેલાતો રોકવા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું કે, ડેંગ્યુને ફેલાતો અટકાવવા માટે મંત્રાલય યોજનાઓ તૈયાર કરી રહ્યું છે અને રાજ્યો સાથે સંકલન કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે આરોગ્ય મંત્રાલય ચોવીસ કલાકની ડેંગ્યુ હેલ્પલાઇન શરૂ કરશે અને રાજ્યોને પણ આગામી ચાર-પાંચ દિવસમાં આવી હેલ્પલાઇન શરૂ કરવા જણાવ્યું છે. શ્રી નડ્ડાએ ઉમેર્યું કે, યોજનાના સુસંકલન માટે આરોગ્ય મંત્રાલય શિક્ષણ, હાઉસિંગ અને શહેરી વિકાસ જેવા મંત્રાલયો સાથે આંતર-ક્ષેત્રીય અને આંતર-વિભાગીય બેઠકો યોજશે. શ્રી નડ્ડા આગામી બે દિવસમાં ડેંગ્યુનાં સૌથી વધુ કેસો ધરાવતા રાજ્યો સાથે પણ બેઠક યોજશે.

તેમણે કેન્દ્રીય હોસ્પિટલોને ડેંગ્યુ સારવાર વોર્ડ તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો.

## SUPREME COURT ADANI

અદાણી પોર્ટ એન્ડ સેઝને ફાળવવામાં આવેલી 108 હેક્ટર જમીન પાછી મેળવવા રાજ્ય સરકારને આદેશ આપતા ગુજરાત વડી અદાલતના ચૂકાદા પર સર્વોચ્ચ અદાલતે મનાઈ હૂકમ આપ્યો છે.

ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ કે વી વિશ્વનાથનની બેન્ચે અદાણી પોર્ટ્સની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો અને આ મુદ્દે ગુજરાત સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

આ જમીન કચ્છ જિલ્લાના મુન્દ્રા બંદર નજીક આવેલી છે. રાજ્ય સરકારે વર્ષ 2005માં અદાણી પોર્ટ્સને 108 હેક્ટર જમીન ફાળવી હતી. નાવિનાલ ગામનાં નિવાસીઓએ વડી અદાલતમાં જાહેર હિતની અરજી કરી હતી. ચાલુ વર્ષે એપ્રિલમાં મહેસુલ અધિકારીએ અદાલતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ જમીન પાછી લેવાનો નિર્ણય લીધો છે.

આની સામે કંપનીએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી.

## SC COMMISSION- KARNATAKA GOVT

કર્ણાટકમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ પેટા યોજનાનાં ભંડોળનો ઉપયોગ પાંચ ગેરન્ટી યોજનાઓનાં અમલ માટે કરવા બદલ અનુસુચિત જાતિ અંગેનાં રાષ્ટ્રીય પંચે કર્ણાટક સરકાર પાસેથી અહેવાલ માંગ્યો છે. માધ્યમોનાં અહેવાલને ધ્યાનમાં લઇને પંચે રાજ્ય સરકારને સાત દિવસની અંદર વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

પંચે અહેવાલોને ટાંકીને જણાવ્યું છે કે, રાજ્ય સરકારે પેટા યોજનાઓમાંથી 14 હજાર કરોડ રૂપિયા પાંચ ગેરન્ટી યોજનાઓને ફાળવવાનો નિર્ણય લીધો છે.

## CBSE- CLARIFICATION

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ-સીબીએસઇએ સ્પષ્ટતા કરી છે કે વર્તમાન પાઠ્યપુસ્તકમાં ફેરફાર માત્ર ધોરણ ત્રણ અને છ માટે જ કરવામાં આવ્યો છે, અન્ય વર્ગો માટે નહીં. શાળાઓને ધોરણ ત્રણ અને છ સિવાયનાં અન્ય વર્ગોમાં વર્તમાન પાઠ્યપુસ્તકો જ ભણાવવાનુ ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

## MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટે આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## PREZ- DURAND TOURNAMENT

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં દુરાન્દ કપ ટુર્નામેન્ટ 2024ની ટ્રોફીઓનું અનાવરણ કર્યું હતું, જેમાં દુરાન્દ કપ, પ્રેસિડન્ટ કપ અને શિમલા ટ્રોફીનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ફુટબોલ એ વિશ્વની સૌથી લોકપ્રિય રમતોમાંની એક છે. તેમણે દુરાન્દ કપ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી

## SC-MUSLIM WOMEN

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, ક્રિમિનલ પ્રોસિજર કોડની 125મી કલમ હેઠળ મુસ્લિમ મહિલાને તેનાં પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે. છૂટાછેડા લીધેલી પત્નિને સીઆરપીસીની કલમ 125 હેઠળ વચગાળાનું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ કરતા ચૂકાદા સામેની અરજીને ન્યાયમૂર્તિ બી વી નાગરત્ના અને ન્યાયમૂર્તિ ઓગસ્ટિન જ્યોર્જ મૈશે ફગાવી દીધી હતી.

બેન્ચે એવો પણ ચૂકાદો આપ્યો હતો કે, અરજી અનિર્ણિત હોય તે દરમિયાન મહિલાને છૂટાછેડા આપવામાં આવે તો તે લગ્ન અંગે રક્ષણનાં અધિકારનાં કાયદાનો આશરો લઈ શકે છે.

બેન્ચે જણાવ્યું હતું કે, મુસ્લિમ મહિલા ધારો, 1986 (છુટાછેડા અંગે અધિકારનું રક્ષણ) બિનસાંપ્રદાયિક કાયદાની ઉપર નથી.

## UTTARAKHAND LANDSLIDE

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આજે બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પાતાલગંગા લાંગસી ટનલ પાસે એક વિશાળ ભૂસ્ખલન થતાં વાહનવ્યવહાર અવરાધાયો છે. જેને પરિણામે બદ્રીનાથ યાત્રાએ જતા તમામ શ્રદ્ધાળુઓને સુરક્ષિત સ્થળોએ રોકાવાનું કહેવામાં આવ્યું છે.

## KARNATAKA-NEW CRIMINAL LAWS

1 જુલાઇથી અમલી બનેલા ત્રણ ફોજદારી કાયદાઓ-ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અંગે હિતધારકોને કર્ણાટકમાં સધન તાલીમ આપવામાં આવી રહી છે. કર્ણાટક હાઇકોર્ટ અને સર્વોચ્ચ અદાલતમાં પ્રેક્ટિસ કરી રહેલા સિનીયર એડવોકેટે નવા ફોજદારી કાયદાઓ અંગે તેમનાં અભિપ્રાય રજૂ કરતા જણાવ્યું હતું કે આ કાયદાઓ લોકોને ન્યાય આપવામાં મદદ કરશે

## IND VS ZIM T20

**હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી શ્રેણીની ત્રીજી ટી-20 મેચમાં ભારતે ઝીમ્બાબ્વેને 23 રનથી હરાવ્યું છે. આ સાથે પાંચ મેચોની શ્રેણીમાં ભારતે 2-1થી સરસાઇ મેળવી લીધી છે.**

**ટોસ જીતીને પ્રથમ બેટિંગ લઈને 20 ઓવરમાં ચાર વિકેટે 182 રન કર્યા હતા. ભારત વતી સૌથી વધુ 66 રન કેપ્ટન શુભમન ગીલે કર્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વે 20 .ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 159 રન કરી શક્યું હતું. શ્રેણીની અગાઉની મેચમાં ભારતે 100 રનથી ભવ્ય વિજય મેળવ્યો હતો.**

## AAP MLA KARTAR SINGH

દિલ્હીના ભૂતપુર્વ મંત્રી અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રાજ કુમાર આનંદ આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. તેમની સાથે આમ આદમી

પાર્ટીના ધારાસભ્ય કરતાર સિંહ તનવર પણ ભાજપમાં જોડાયા હતા. નવી દિલ્હીમાં પક્ષના વડામથકે ભાજપના મહામંત્રી અરૂણ સિંહ અને દિલ્હી ભાજપના વડા વિરેન્દ્ર સચદેવાની હાજરીમાં તેમનો ભાજપમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.